આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તમે જેને સૌથી વધુ પ્રેમ કરતાં હોવ એને સમય આવે રડવામાં પણ મદદ કરજો

- સ્વામિ રાજચંદ્ર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૫૩ | ૧૨ ઓગષ્ટ, ૨૦૧૩, સોમવાર; શ્રાવણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં વધતો રોગચાળાનો ઉપદ્રવ

## વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યું : નવા સેક્ટરોમાં મેલેરિયા ઉપરાંત ડેન્ગ્યુ તો ૨૪, ૨૫, ૨૭માં પણ મેલેરિયાના કેસો નોંધાયા : વાવોલ અને આસપાસના ગામોમાં સાંધાના દુઃખાવાની ફરિયાદો વધવા પામી છે, કમળાના કેસ પણ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. મેલેરિયા - ડેન્ગ્યુ અને સાંધાના દુઃખાવાની ફરિયાદો સાથેના કેસોમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે.

શહેરના નવા સેક્ટરોમાં જ છેલ્લા બે દિવસમાં ૬ જેટલા ડેન્ગ્યુના કેસ નોંધાયા છે. જોકે આ ડેન્ગ્યુના કેસો ખાનગી હોસ્પિટલમાં નોંધાયા છે. આ વખતે નાના ભૂલકાંઓમાં પણ ડેન્ગ્યુના કેસોએ દેખા દેતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

સેક્ટર-૨૪, ૨૫, ૨૭માં મેલેરિયાના કેસો વધારે જોવા મળ્યા છે. આ ઉપરાંત વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે જોવા મળતું હોવાથી મચ્છરોની ઉત્પત્તિ પણ સારી એવી માત્રામાં જોવા મળી રહી છે.

નવા સેક્ટરોમાં વરસાદી પાણીના ભરાવા સાથે મચ્છરોની ઉત્પત્તિ સૌથી વધુ જોવા મળી રહી છે. ખાસ કરીને નવા સેક્ટરોમાં મેલેરિયા ઉપરાંત સાંધાના દુઃખાવાની ફરિયાદો પણ વ્યાપક ઉઠવા પામી છે.

વાવોલ, ઉવારસદ જેવા ગામોમાંથી સાંધાના દુઃખાવાની ફરિયાદો ઉઠવા પામી છે. જોકે ચિકનગુનિયાના ટેસ્ટ મોંઘા હોવાથી લોકો તેનો ટેસ્ટ કરાવવાનું ટાળી રહ્યા છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં પણ આવા કેસોના ટેસ્ટ નહિ થતાં હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં એકાએક વાહકજન્ય રોગચાળાએ જે રીતે માથું ઉચક્યું છે તેને લઈ તંત્ર પણ ચિંતાતુર બન્યું છે. આજે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે એક સમીક્ષા બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સાંધાના દુઃખાવાના કેસોમાં ડેન્ગ્યુ અને મેલેરિયાના ટેસ્ટ નેગેટીવ આવે છે પરંતુ વાઈરલ ફિવર સાથે આ

● અનુસંધાન પાન-૭ પર



હરિયાળી સુશોભિત બને છે - ગાંધીનગરમાં ચોમાસા દરમિયાન હરિયાળીમાં આડેધડ વૃદ્ધિ થઈ હતી. તેને ટ્રીમીંગ મશીન દ્વારા સ્વચ્છ અને સુઘડ બનાવાય છે. તેને આકર્ષક શેપ આપી હરિયાળીને વધુ નયનરમ્ય બનાવવા તંત્ર કાળજી લઈ રહ્યું છે. સચિવાલય અને સ્વર્ણિમ પાર્કમાં ગાંધીનગરના આકર્ષણનું કેન્દ્ર બનતી વિશાળી હરિયાળી લોન પ્રવાસીનું મન મોહી જાય છે... ગાંધીનગરના નગરજનો પણ આજકાલ સ્વર્ણમ પાર્કની હરિયાળીમાં બેસવા માટે જઈ રહ્યા છે... ખાસ કરીને વરસતા વરસાદમાં યુવક - યુવતીઓ માટે પીકનીક પોઈન્ટ બનેલ સ્વર્ણિમ પાર્કની હરિયાળી સૌથી સુંદર અને આકર્ષિત બનતી જાય છે... કોઈપણ વિસ્તારમાં હરિયાળીની કાળજી લેવાય તો જ એનું મહત્વ જળવાય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# મંત્રીઓને કામગીરી અંગેનું પ્રેઝન્ટેશન તૈયાર કરી રજુ કરવા સૂચના અપાઈ

ગાંધીનગર, તા.૧૧

રાજય મંત્રી મંડળના મંત્રીઓની મંત્રી તરીકેની તેમજ તેમના મત વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરી અંગેનું મુલ્યાંકન કરવામાં આવનાર છે. આ માટે મંત્રીઓને એક પ્રેઝન્ટેશન રજુ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ અત્યંત વિશ્વાપાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ટૂંક સમયમાં રાજયમંત્રી મંડળનું વિસ્તરણ કરવામાં આવનાર છે. સાથે સાથે મંત્રી મંડળમાં કેટલાક ફેરબદલો પણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ મંત્રીઓની એક બેઠક મળી હતી. જેમાં મંત્રીઓને તેમના મંત્રી કાળ દરમિયાન તેમના વિભાગમાં કઈ કઈ કામગીરીઓ હાથ ધરવામાં આવી શું સિધ્ધી પ્રાપ્ત કરવામાં આવી તેમના મત વિસ્તારોમાં કયા પ્રકારના વિકાસ કામો કરવામાં આવ્યા કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી આ તમામ બાબતોને સાંકળી લેતું એક પ્રેઝન્ટેશન તૈયાર કરીને સરકાર સમક્ષ રજુ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી દિવસમાં કરવામાં આવનારા મંત્રીમંડળના વિસ્તરણ અને ફેરબદલ મંત્રીઓની કામગીરીના મૂલ્યાંકનને ધ્યાનમાં રાખીને કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ મંત્રી મંડળના વિસ્તરણમાં રાજય કક્ષાના બે મંત્રીઓને કેબીનેટ મંત્રીમાં બઢતી આપવા માટેની સક્રિય વિચારણા ભાજપે હાથ ધરી છે. આગામી લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને સૌરાષ્ટ્રમાંથી કોઈ એક રાજયકક્ષાના મંત્રીને કેબીનેટ મંત્રી બનાવવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

આ ઉપરાંત મંત્રીઓની કામગીરીનું મૂલ્યાંકન કરીને કેટલાક મંત્રીઓના ખાતાઓને પણ અદલાબદલી કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

રાજય મંત્રી મંડળનું વિસ્તરણ કરીને હજુ વધુ બે કેબીનેટ મંત્રીઓ અને પાંચ જેટલા રાજયકક્ષાના મંત્રીઓ અને પાંચ સંસદીય સચિવોનો સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા બાદ ધારાસભ્ય થયેલ જેતપુરના યુવાન ધારાસભ્ય જયેશ રાદડીયાને મંત્રીમંડળમાં રાજયકક્ષાના મંત્રી તરીકે સ્થાન આપવામાં આવે તેવી પૂરી શકયતા સેવાઈ રહી છે.


















